# સર્વર ડાઉન થતા બીએસસીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ફોર્મ ન ભરી શકયા

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા ચાલુ વર્ષે બીએસસીમાં પ્રવેશની પ્રક્રિયા સેન્ટ્રલાઈઝડ કરવામાં આવી છે પરંતુ આ પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્ફળ થતી દેખાઈ રહી છે. આજે ગુજરાત યુનિવર્સિટીમાં એસીપીસીનું સર્વર ડાઉન હોવાથી અડધું ફોર્મ ભર્યા પછી નવેસરથી ફોર્મ ભરવાની ફરજ પડતી હતી છતાં ફોર્મ ભરાઈ શકતું નહોતું. એનએસયુઆઈ દ્વારા આ નબળી પ્રક્રિયા બાબતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

એક તરફ ધો-૧૨ સાયન્સનું પરિણામ અતિ ઉંચુ આવવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ માટે હાલાકી ભોગવી રહ્યા છે એમાં ગુજરાત સરકારે રૂપિયા ૩૫૦ ફોર્મ ફી લઈને વિદ્યાર્થીઓ સાથે અન્યાય કર્યો છે. અધુરામાં પુરુ નબળી સેન્ટ્રલાઈઝડ સીસ્ટમના કારણે વાલી અને વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા માથાનો દુઃખાવો બની ગઈ છે. વિદ્યાર્થીઓ જયારે ફોર્મ ભરવા પ્રયત્ન કરતા હતા ત્યારે અડધુ ફોર્મ ભર્યું ન હોય ને સર્વર ડાઉન થઈ જતું હતું આથી નવેસરથી ફોર્મ ભરવાની ફરજ પડતી હતી. આવી નબળી સિસ્ટમના કારણે વિદ્યાર્થીઓ કંટાળી ફોર્મ ભરવાનું નેવે મૂકીને હેલ્થ સેન્ટર પરથી ઘરે પાછા જતા રહ્યા હતા.

એનએસયુઆઈ દ્વારા આ બાબતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને તે બાબતની રજૂઆત કરવા જતા એસીપીસીના જવાબદાર વ્યકિત એમ.બી. ધોળકિયા પણ ત્યાં હાજર નહોતા. આથી એનએસયુઆઈના કાર્યકરોએ ઓફિસર ઓફ સ્પેશિયલ ડયુટી એમ.વાય. પાટીલને મળીને ડાઉન સર્વરનું તાત્કાલિક ધોરણે નિરાકરણ કરવા બાબતે રજૂઆત કરી હતી. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને ફરીથી આવી સમસ્યાનો સામનો કરવો પડશે તો ઉગ્ર આંદોલન હાથ ધરવાની ચિમકી પણ આપી હતી.

# શહેરમાં દિનદહાડે વધુ એક ઘરફોડ : સેકટર-૮ના બંધ મકાનમાં તસકરો ત્રાટકયા

## મુખ્ય દરવાજાનું તાળું તોડીને દાગીના તથા રોકડ મળીને ૩.૩૦ લાખની મત્તા સાફ કરી તસકરો પલાયન : બે દિવસ પહેલા સેકટર-૪માં ધોળે દિવસે ઘરફોડ થઈ હતી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સે-૮ ખાતે રહેતું કર્મચારી દંપતી આજે સવારે ૧૦.૩૦ વાગ્યે મકાનને તાળું મારીને ઓફીસ ગયા અને રીશેષ સમયે ૧ વાગ્યાના અરસામાં ઘરે આવ્યા ત્યાં સુધીમાં તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડીને તસ્કર ટોળકીએ હાથફેરો કરી લીધો હતો. મકાનમાં ઘૂસીને તસ્કરો અંદર પડેલા દાગીના તથા રોકડ મળીને રૂ.૩.૩૦ લાખની મત્તા સાફ કરી ફરાર થઈ ગયા હતા. સે.૭ પોલીસને કર્મચારી દંપતીએ જાણ કરતા પી.આઈ સ્થળ પર દોડી આવ્યા હતા અને દિવસની ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. બે દિવસ પહેલા સે-૪ માં પણ દિવસની ઘરફોડ થવા પામી હતી.

શહેરના સે-૮ પ્લોટ નં.૪૨૨/૨ માં રહેતા નીરવભાઈ સુરેન્દ્રભાઈ બક્ષી તેમના પત્ની બંને સરકારી કર્મચારી છે. આજે સવારે ૧૦.૩૦ વાગે ઓફીસ ગયા હતા. રીશેષ સમયે મકાનમાલિક ઘરે આવ્યા ત્યારે જોયું તો તસ્કરો તેમના મકાનમાં બધું વેર-વિખેર કરી ચુકયા હતા. બપોરના સમયગાળામાં તેમના બંધ મકાનને ઘરફોડીયાઓએ નિશાન બનાવી મુકયું હતું. મુખ્ય દરવાજાનું તાળું તોડીને અંદર ઘુસી તસ્કરોએ તિજોરીમાં હાથ માર્યો હતો. સર-સામાન વેર-વિખેર કરીને તસ્કરો દાગીના તથા રોકડા જે હાથે આવ્યું તે લઈ ભાગી ગયા હતા. મકાનમાં ઘૂસીને દિનદહાડે ઘરફોડ કરી જનાર ઘરફોડિયાઓ સોના-ચાંદીના દાગીના અને રોકડા મળીને કુલ રૂ.૩.૩૦ લાખની મત્તા સાફ કરી ગયા હતા. આ અંગે સે-૭ પોલીસ ને જાણ કરતા પોલીસે દિવસની ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ લઈ તપાસ શરુ કરી છે.

# સરગાસણ ચોકડીના તોડકાંડને એક અઠવાડિયા બાદ પણ કોઈ ન પકડાયું

## ઇનોવા કારમાંથી દારૂના જથ્થા સાથે આરોપી પકડ્યા બાદ જિલ્લાના ક્યા પોલીસે તોડ કર્યો તે જાણવા ડીવાયએસપીને પણ તપાસ સોંપી : હજુ પણ કાંઇ બહાર આવ્યું નથી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક સરગાસણ સર્કલ પાસે દારૂ ભરીને જતી ઈનોવા કાર પોલીસની ઝપટે ચડ્યા બાદ કોઈ તોડબાજ પોલીસે બુટલેગર સાથે સેટિંગ કરી નાંખ્યું હતું. તોડબાજ પોલીસ બ્લેક એસેન્ટ ગાડીમાં આવ્યો હતો. તેને શોધવા જીલ્લામાં ફરજ બજાવતા પોલીસ જવાનો પૈકી કેટલા પોલીસ જવાનો પાસે બ્લેક એસેન્ટની યાદી પણ બનાવી અને ડીવાયએસપી ને સમગ્ર મામલાની તપાસ પણ સોંપવામાં આવી છે. એક અઠવાડિયા બાદ પણ આ રહસ્ય પરથી પડદો ઉઠ્યો નથી.

સરગાસણ સર્કલ પાસે દારૂનો જથ્થો ભરેલી એક ઈનોવા ગાડી પંચર પડી અને એક બ્લેક એસેન્ટ ગાડી લઈને પોલીસ પહોંચી હતી. પોલીસે ડ્રાઈવરને હાથકડી પહેરાવી ખાનગી વાતચીત કરી સેટિંગ કર્યુ હતું. તોડ થયા બાદ સ્થળ પર આવેલા એક ટેમ્પામાં દારૂનો જથ્થો સગેવગે કરી દેવાયો હતો. ડીએસપીએ બ્લેક એસેન્ટ લઈને જે પોલીસ તોડ કરવા ગઈ હતી તેને પકડવા જિલ્લામાં કેટલા પોલીસ જવાનો પાસે બ્લેક એસેન્ટ ગાડી છે તે લીસ્ટ તૈયાર કરવા સુચના આપી છે. બીજી તરફ સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી પણ શરુ કરી છે. હજુ સુધી તેમાં પણ કોઈ કડી મળી નથી. ત્યારે જે પીસીઆર વાન ત્યાં પહોંચી હતી તે કઈ વાન હતી તે જાણવા માટે પોલીસે વાનમાં લગાડાયેલી જીપીએસ સિસ્ટમનો ડેટા નીકાળી તોડ કરી જનાર પોલીસ સુધી પહોંચવા -યત્ન કર્યો હતો પરંતુ એક અઠવાડિયાથી જીપીએસ સિસ્ટમ જ બંધ હોવાનું બહાર આવતા પોલીસને ત્યાંથી પણ કોઈ કડી મળવી મુશ્કેલ બની ગઈ. આ મામલાની સમગ્ર તોડકાંડની તપાસ હેડ ક્વાર્ટર ડીવાયએસપી એલ.એન.જેઠવાને તપાસ સોંપી છે. જો કે ઘટનાને એક અઠવાડિયું વીતી ગયું પરંતુ હજુ સુધી આ તોડ્કાંડના મૂળ સુધી પહોંચવા પોલીસ નિષ્ફળ ગઈ છે.

# શેઠ સી.એમ. હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૦

આઈ.એ.એસ., આઈ. પી. એસ. તેમજ આઈ.આર.એસ.



સહિતની સનદી સેવાઓની કેડર પસંદગી માટે લેવાતી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) ની પરીક્ષામાં શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી ખાતે વર્ષ ૨૦૦૨-૦૪ની બેચમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થી અનિલ રામજીભાઈ રાણાવસિયા જે પાલનપુર તાલુકાના નાનકડા ગામના રાજપુરના વતની છે. તેમણે ઓલ ઈન્ડિયા રેન્ક ૪૩૪ પ્રાપ્ત કરેલ છે. તેમની આ સફળતા માટે શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

ગુજરાતમાંથી આ વર્ષે કુલ ૧૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા પાસ કરેલ છે. આ વિદ્યાર્થીઓ સહિત શાળાનું ગૌરવ વધારનાર અનિલ રામજીભાઈ રાણાવસિયાને શાળા પરિવાર વતી ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# કલોલની પ્રાથમિક શાળાઓમાં ઝવેરભાઈ ચાવડાની આગેવાનીમાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

કલોલ નગરપાલિકા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં બે દિવસ શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. શાળા પ્રવેશોત્સવમાં અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડા દ્વારા કલોલ શહેરની શાળાઓમાં બાળકોની આંગણી પકડી પ્રવેશ કરાવ્યો હતો. ગુજરાત રાજ્ય સંપૂર્ણ શિક્ષિત બને તે માટે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શાળા પ્રવેશોત્સવના બીજ રોપવામાં આવ્યા હતા. જે દર વર્ષે આ કાર્યક્રમ યોજાય છે. રાજ્યમાં પ્રથમ ગ્રામીણ વિસ્તારમાં અને શહેરમાં પ્રવેશોત્સવનો બીજો તબક્કો શરૂ થતા બે દિવસ કાર્યક્રમ યોજાયો હતો.

તા. ૧૯ના રોજ ઝવેરભાઈ ચાવડાએ કલોલની શાળા નં. ૧, ૨, ૪, ૫ અને ૯ માં તબક્કાવાર પ્રવેશ કરાવ્યો હતો. જેમાં ૬૪ કુમારો અને ૫૮ કન્યાઓને ધોરણ-૧ માં તિલક કરી અને મોં મીઠુ કરાવી પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે દરેક વિદ્યાર્થીને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું.

તેમજ આજે પ્રવેશોત્સવના બીજા દિવસે કલોલની શાળા નં. ૩, ૬, ૭, ૮, ૧૦ અને ૧૨ નંબરની શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. જેમાં ૭૫ કુમાર અને ૯૩ કન્યાઓને ગળ્યું મોઢું કરાવી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને જવેરભાઈ ચાવડાએ જીવનમાં ખુબજ મહેનત કરવા જણાવ્યું હતું. કાર્યક્રમ બાદ શાળાના આંગણામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નગરપાલિકાના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ, ભાજપ શહેર પ્રમુખશ્રી નિરવ પટેલ, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, જિલ્લા ભાજપ મંત્રી, શ્રી છનાજી ઠાકોર જિલ્લા ઉપાધ્યક્ષ, પૂર્વ પ્રમુખ નગરપાલિકા, શ્રી પ્રહલાદભાઈ પટેલ (મુખી) મનુભાઈ ચૌધરી પૂર્વ કાઉન્સીલર તથા કાઉન્સીલર શુકલબેન, કિરણ મહેરીયા, સુરેશ સોલંકી, યોગેશ પરમાર તથા ભરતભાઈ, મહામંત્રી ભાજપ, ચીફ ઓફીસર મનોજ સોલંકી, શાળાના આચાર્યશ્રીઓ બી.આર.સી., સી.આર.સી., બીટનીરીક્ષક નગરજનો, આંગણવાડી કાર્યકર બહેનો, વાલીઓ, બાળકો ઉપસ્થિત રહેલ.

# સે-૨૧ શાકમાર્કેટમાં રખડતા ઢોરો અને લુખ્ખા તત્વોની વકરતી સમસ્યા

## શોપીંગ કરવા આવતી મહિલાઓ ઉપર ગિલોલથી નિશાન તાકવામાં આવે છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર રાજયનું પાટનગર હોવા છતાં પણ સમસ્યાઓ ઓછી થવાનું નામ લેતી નથી. રખડતા પશુઓ અને શાકમાર્કેટમાં ગંદકી દિવસે દિવસે વધી રહી છે. માથું ફાડી નાંખે તેવી દુર્ગંધમાં શહેરીજનો શાકભાજી લેવા જતા હોય છે. શાકમાર્કેટ લુખ્ખા તત્વોનું અડ્ડો બની રહ્યું છે. શહેરની જયોતિ મહિલા મંડળ દ્વારા સમસ્યાઓનું નિરાકરણ લાવવા માગણી કરાઈ છે.

શહેરમાં રખડતા પશુઓની સમસ્યા આજની નથી. વર્ષોની સમસ્યા છે. છતા તંત્ર પોતાની આળસ ખંખેરતું નથી. અનેક વખત દૈનિક સમાચાર પત્રોમાં રખડતા ઢોરો સર્કલો પર વિધાનસભા આગળ ઉગાડવામાં આવેલી લોનમાં ઘુસી ગયેલા અને તેનો ચારો બનાવતા ફોટા પ્રસિદ્ધ થયા છે છતાં તંત્ર હરકતમાં આવતું નથી.

શાકમાર્કેટમાં રખડતા પશુઓ રીતસર અડ્ડો જમાવીને બેસી જાય છે. જયાં શાકમાર્કેટની અંદર પ્રવેશ દ્વાર મુકવામાં આવ્યા છે ત્યાં જ પશુઓ ચોકી કરતા હોય છે. આ ઢોરોથી અનેક નગરજનોને પણ નુકશાન પહોંચ્યું છે. ઢોરો દ્વારા રોડ ઉપર અડફેટે લેવામાં આવે છે. મળ મુત્ર પણ રોડ પર કરવામાં આવે છે. જેનાથી પારાવાર ગંદકી ફેલાય છે. રખડતા ઢોરોને પાંજરે પુરવામાં કેમ નથી આવતા તે એક પ્રશ્ન છે.

શાકમાર્કેટની આજુબાજુમાં ફરતા કેટલાક પશુઓ શાકમાર્કેટના ઓટલાવાળાના જ હોય છે. પશુને અન્ય જગ્યાએ ચારો કરાવવા તેમજ ગાંઠના રૂપિયા ખર્ચીને ચારો ન લાવવો પડે તે માટે સવારથી જ અહીં લાવવામાં આવે છે. આવા તત્વો સામે પગલા ભરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર હોવાથી અહીંયા શોપીંગ કરવા આવનારની સંખ્યા પણ વધુ હોય છે. મહિલાઓ, દીકરીઓ પોતાના પરિવાર સાથે શોપીંગ કરવા આવતી હોય છે. કેટલાક લુખ્ખા અને અસામાજીક તત્વો દ્વારા મહિલાઓને ટાર્ગેટ કરવામાં આવે છે. મહિલાઓના અંગો ઉપર ગિલોલથી નિશાન તાકવામાં આવે છે અને ખરાબ ચેનચાળા પણ કરતા હોય છે આવા તત્વોને જેલ હવાલે કરવા માંગ ઉઠી છે.

આ વિસ્તારમાં મહિલા પોલીસની જરૂરીયાત ઉભી થઈ છે. આગામી સમયમાં શહેરમાં મહિલા પોલિસ મુકવામાં નહિ આવે તો ગુજરાતને પણ ઉત્તરપ્રદેશ બનતા વાર નહી લાગે. શહેરને રમણીય બનાવવા સુંદર ફુવારાઓ મુકવામાં આવ્યા છે. પરંતુ આ ફુવારામાં કચરો ઠલવાય છે. શોપીંગને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામા આવે તેવી પણ જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી અને સેક્રેટરી કુ. ચેતના બૂચ, પુષ્પાબેન મહેતા અને નીરુબેન નાયકે જણાવ્યું છે.

# શહેરની શાળાઓમાં રંગેચંગે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી રંગેચંગે કરવામાં આવી. આજે બીજા દિવસે શહેરની અલગ-અલગ શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બાળકોને શાળાના આંગણામાં પગલા પડાવવામાં આવ્યા હતા. શહેરની સે. ૧૫, બોરીજ, સેકટર-૭ સરદાર પટેલ વિદ્યામંદિર અને સેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે અધિકારીઓ અને મનપાના કોર્પોરેટરો દ્વારા બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

● **સેક્ટર-૧૫ ફતેપુરા પ્રાથમિક શાળા**

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહા અને આસિસ્ટન્ટ મ્યુનિસિપાલિટી કમિશનર એસ.એમ. ચૌધરીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ૧૪ બાળકોને કુમકુમ તિલક કરી શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમજ નાના ભુલકાઓને આંગણવાડીમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ધોરણ-૧ના બાળકોને દફતર અને આંગણવાડીના ભુલકાઓને રમકડાં આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગામના અગ્રણી ચંદુજી ઠાકોરને ભાગ્યેશભાઈના હસ્તે શાલ ઓઢાડવામાં અને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.





● સેકટર-૮ સરકારી પ્રાથમિક શાળા

શાળામાં ધોરણ-૧ ના બાળકોને મોં મીઠું કરાવી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળામાં એસએમસી અધ્યક્ષ અગરજી ઠાકોર, શિક્ષણવિદ રસિકભાઈ ગાંધી, એલ.એલ.એફ. પ્રતિક્ષાબેન પટેલ દ્વારા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ગૌરવગાનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગ નાટક દ્વારા બાળકોને પ્રેરણા આપવામાં આવી હતી. તેમજ પાણી બચાવો પાણી તમને બચાવશે નાટક રજુ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે પ્રજ્ઞા વર્ગનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાળા પ્રવેશોત્સવમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને નોટ સ્લેટ પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ધોરણ-૮ની બાળાઓ મિત્તલ રત્નોત્તર અને સુમિતા રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

● શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે. ૨૩

શહેરી શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે સેક્ટર-૨૩માં આવેલ શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ધોરણ-૯માં વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અનિલકુમાર રાણાવસ્યા, જેઓ યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી આઈ.એ.એસ. કેડરની પરીક્ષામાં ચાલુ વર્ષે ગુજરાતમાં ચોથા નંબરે પાસ થયા છે. તેમની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગાયત્રી શક્તિપીઠ સેકટર-૧ના બી.એસ. ઠક્કર, જશુબેન ઠક્કર, ભારતીબેન પટેલ દ્વારા ગાયત્રી મંત્ર શ્લોકો સાથે વિદ્યાર્થીઓને તિલક કરી પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે ગાયત્રી પરિવારના સભ્યોએ વિદ્યાર્થીઓને જીવનમાં ગાયત્રીમંત્ર, યોગ અને સરસ્વતી માતાની સાધના વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. સાથે સાથે તેજસ્વી વિદ્યાર્થીઓને ગુલાબનું ફુલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય બચુભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

● સેકટર-૭ વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર

શાળામાં ધોરણ-૧ અને ૯ના વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારી બારડ સાહેબ, અગ્ર સચિવ નર્મદા વિભાગ રાજીવ ગુપ્તા, મ્યુ. ડેપ્યુટી કમિશનર જસવંતભાઈ ગાંધી, કોર્પોરેટર નામદેવ વર્સાત, સિનિયર સિટિજન આત્મારામ પરમાર અને એસ.આર. જોષીએ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિની વિવિધતા દર્સાવતુ દેશ રંગીલો ગીત રજુ કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ના વિદ્યાર્થીનીઓને અભ્યાસકીટ અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ ચોપડા, સહિતની શિક્ષણની સામગ્રી ભેટ આપવામાં આવી હતી. તેમજ ધોરણ-૧૦ અને ૧૨માં પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦
હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦
હોલીડે : ૭.૦૦
હમશકલ : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હમશકલ : ૧૦.૦૦
મછલી જલ કી રાની હૈ : ૪.૦૦
ફગલી : ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
હમશકલ : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦, ૧.૧૫, ૬.૦૦, ૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ડહીબેન ગલાજી મકવાણા (ઉ.વ. ૫૭) મુ. આલમપુર, તા.જી.ગાંધીનગર.
- સ્વ. મથુરજી દેહરજી ઠાકોર (ઉ.વ. ૭૫)ગામ - ધોળાકુવા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. મણાજી શાંમતાજી ઠાકોર (ઉ.વ. ૮૬) મુ.ડભોડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. કનુભાઈ માણેકલાલ શાહ (ઉ.વ. ૬૧) મુ. વાવોલ, સંકલ્પ સોસા., બંગલા નં.૫૮, ગાંધીનગર.